# NCC (B.Com. Sem-1) (Soft Skill)

પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટીશરોએ ''યુનિર્વસિટી કોર્પ્સ''ની રચના કરી હતી. આ યુનિર્વસિટી કાર્પ્સ રચવા નો ઉદ્દેશ સંરક્ષણ માટેની બીજી હરોળ તૈયાર કરવાનો હતો. જેના લીધે સશસ્ત્ર દળો માં મોટી સંખ્યા માં શિક્ષિત યુવાનો ની ભરતી થઈ શકે.

આમ સ્વતંત્રતા પહેલાં જ ભારતમાં એન.સી.સી. (નેશનલ કેડેટ કોર્પ્સ) ની કલ્પના કરવામાં આવી હતી અને વ્યવસ્થિત રીતે તેનો વિકાસ કરવામાં આવ્યો હતો. આમ કરવાનો મૂળ હેતુ યુવાન છોકરાઓ અને છોકરીઓ નો વિકાસ કરી તેમનું પોષણ કરવું અને તેમની ઉર્જાને રાષ્ટના નિર્માણ તરફ લઈ જઈ જવાબદાર નાગરિક બનાવવાનો હતો. આ ઉદ્દેશ ને માટે પંડિત એચ.એન.કુન્જરુની કમિટીની રચના કરવામાં આવી. આ કમિટિ એ ભારતની તમામ સ્કુલ કોલેજો માં એન.સી.સી. ની રચના કરવાતી ભલામણ કરી તે મુજબ ભારત દેશ આઝાદ થયા પછી સંસદનાં XXXIએકટ દ્વારા ૧૬ એપ્રીલ ૧૯૪૮ ના રોજ 'નેશનલ કેડેટ કોર્પ્સ' (એન.સી.સી.) ની રચના થઈ, ત્યારબાદ તા. ૧૫ જુલાઈ ૧૯૪૮ નાં રોજ એન.સી.સી. નું ઓપચારિક રીતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આજ રીતે એન.સી.સી. ની 'ગર્લ્સ' ડીવીઝન નું જુલાઈ ૧૯૪૯ માં રચના કરવામાં આવી. આજ રીતે મુંબઈ અને કોલકત્તા માં એન.સી.સી. ની એક એક એર સ્ક્વોડ્રન ની રચના સાથે ૧ લી એપ્રિલ ૧૯૫૦ ના રોજ 'એરવિંગ' ની સ્થાપના થઈ ત્યારબાદ જુલાઈ ૧૯૫૨માં આજ પ્રમાણે એન.સી.સી. ની નેવલ વીંગ ની સ્થાપના થઈ. આમ એન.સી.સી. માં દરેક સેવાઓનું પ્રતિનધિત્વ પૂર્ણ થયું.

આજે એન.સી.સી પાસે ૧૩ લાખથી વધુ કેડેટસ્‌ની નોંધણી છે. જે મૂળભૂત રીતે ત્રણેય સેવાઓનાં બન્ને ડીવીઝન માં વહેંચાયેલા છે. (૧) સીનીયર ડીવીઝન કે સીનીયર વીંગ-કોલેજ નાં વિદ્યાર્થીઓ / વિદ્યાર્થી ની ઓ માટે (૨) જુનિયર ડીવીઝન કે જુનિયર વીંગ સ્કૂલનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીની ઓ માટે એન.સી.સી. નું હેડ કવાર્ટર ન્યુ દિલ્હીમાં છે. આ એક સ્વૈચ્છિક ઓર્ગનાઈઝેશન છે. એન.સી.સી.માં કેડેટસ્ ને બેઝિક મીલીટરી ટ્રેઈનીંગ આપવામાં આવે છે. તેઓને નાના હથિયારો અને પરેડ ની તાલીમ આપવામાં આવે છે. એન.સી.સી. નાં ઓફિસર્સ કે કેડેટસ્ ને ટ્રેઈનીંગ પછી મીલેટરી માં જોડાવું ફરજિયાત નથી. છતાં તેઓને મીલેટરી કે એન.સી.સી.માં નિમણુંક માટે સામાન્ય ઉમેદવાર કરતાં પ્રથમ પસંદગી આપવામાં આવે છે.

૧૯૬૫ અને ૧૯૭૧ નાં પાકિસ્તાન સાથેનાં યુદ્ધમાં એન.સી.સી. કેડેટસ્ સંરક્ષણની બીજી હરોળ રૂપે હતાં આ યુદ્ધ નાં સમય દરમ્યાન એન.સી.સી એ ઓર્ડિનાન્સ ફેકટરીઓ ને મદદ કરવા કેમ્પ નું આયોજન કર્યું. સરહદ પર લડતાં સૈન્ય દળો ને હથિયારો અને દારૂ ગોળો પૂરો પાડ્યો દુશ્મન પેરા ટ્રુપર્સને (પેરેશૂટ થી ઉતરતા સૈનિક) પકડવા માટે પેટ્રોલિંગ પાર્ટી તરીકે પણ તેમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ તમામ કાર્યો તેમણે સીવીલ ડીફેન્સ ના અધિકારીઓ નાં માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ જ કર્યા હતાં.

૧૯૬૫ અને ૧૯૭૧ નાં ભારત-પાકિસ્તાન નો યુધ્ધો બાદ એન.સી.સી. નાં અભ્યાસ ક્રમને બદલવામાં આવ્યો. એન.સી.સી. સંરક્ષણની માત્ર બીજી હરોળ બની ના રહે તે હેતુ થી તેનાં અભ્યાસ ક્રમમાં પરિવર્તન લાવવામાં આવ્યું. તે મુજબ એન.સી.સી.નાં કેડેટસ્ માં ઓફિસર્સ જેવા ગુણો તથા નેતૃત્વ શક્તિ નો વિકાસ થાય તેના પર ભાર મૂકવામાં આવ્યો. એન.સી.સી. કેર્ડટસ્ ની મીલટરી ટ્રેઈનીંગ-તાલીમ થોડી ઓછી કરવામાં આવી ને સામાજીક સેવા અને યુવા સંચાલન ને વધુ આપવામાં આવ્યું.

## *એન.સી.સી. નું લક્ષ્ય અને ઉદ્દેશો*

***લક્ષ્ય :- એન.સી.સી.નું લક્ષ્ય ત્રણ સ્તર નું / પ્રકારનું છે.***

(A) એન.સી.સી. કેડેટસ્ માં નીચે જણાવેલા ગુણોનો વિકાસ કરવો.

(૧) ચારિત્ર્ય નો વિકાસ

(૨) સ્વયંશિસ્ત

(૩) સેક્યુલર દૃષ્ટિકોણ

(૪) સાહસિકતા નું તત્વ

(૫) સ્પોર્ટસ્મેન શીપ

(૬) ભારતનાં નિઃસ્વાર્થ સેવા ની ભાવના નો વિકાસ.

(B) જીવનનાં દરેક ક્ષેત્રમાં નેતૃત્વ પ્રદાન કરવા માટે સંગઠિત, પ્રશિક્ષિત અને પ્રેરિત યુવાનો નું જુથ ઉભું કરવુ અને દેશ ની સેવા માટે તેમને તૈયાર કરવા.

(C) દેશનાં સશસ્ત્ર દળો માં કારર્કિદી બનાવવા માટે યુવાનો પ્રોત્સાહિત થાય તેવું વાતાવરણ ઊભું કરવું.

## *એન.સી.સી. નાં ઉદ્દેશ.*

(૧) વિવિધ સંસ્થાઓના માધ્યમથી વધુમાં વધુ યુવાનો સુધી પહોંચવું.

(૨) એન.સી.સી. ને સમાજ નો એક મહત્વપૂર્ણ ભાગ બનાવવું.

(૩) દેશના યુવાનો ને સકારાત્મક વિચાર અને દૃષ્ટિકોણ શીખવાડવો.

(૪) કોઈપણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે ક્ષેત્ર ના ભેદભાવ વગર દેશની એકતાના મુખ્ય સ્ત્રોત તરીકે એન.સી.સી. ને મહાન સંયુક્ત શક્તિ તરીકે સ્થાપિત કરવું.

(૫) સમગ્રદેશના યુવાનોને બિન સાંપ્રદાયિક, શિસ્તબધ્ધ અને એકતા ની ભાવના વાળા નાગરિક બનાવવા.

(૬) દેશના યુવાનો રાષ્ટ્ર નાં નિર્માણમાં પોતાની સેવા/શક્તિ નું પ્રદાન કરી શકે તેવું આદર્શ વાતાવરણ અને વ્યવસ્થા તંત્રનું નિર્માણ કરવું.

(૭) એક ભારત અને ધર્મ નિરપેક્ષતાની ભાવના નો સંચાર કરવા માટે દેશ ભરમાં રાષ્ટ્રીય એકતા શિબિરોનું આયોજન કરવું.

(૮) યુથ એકસચેન્જ પ્રોગ્રામ્સ (YEP) થકી મિત્ર દેશોનાં યુવાનો સુધી એન.સી.સી. ના લક્ષ્ય આદર્શોની વાત પહોંચાડવી.

## *એન.સી.સી.નો મોટો* - **Motto** *(મુદ્રાલેખ)*

## *એકતાં અને અનુશાસન (યુનિટી એન્ડ ડીસીપ્લીન)*

### *ડી.જી. ના શિસ્ત ના ચાર મુખ્ય સિધ્ધાંતો.*

(૧) સ્મિત થી આજ્ઞાનું પાલ કરો.

(૨) સમય સર રહો.

(૩) કોઈપણ જાતની ફરિયાદ કર્યા વગર સખત કામ કરવું.

(૪) કોઈપણ જાત નાં બહાના ના બનાવો અને અસત્ય ના કહો/બોલો.

## *શપથ* - Oath

હું સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક વચન આપું છું કે હું મારી માતૃભૂમિની ખૂબજ સાચી વફાદારીથી સેવા કરીશ અને રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ ના નીતિ નિયમો નું પાલન કરીશ આ ઉપરાંત મારા કમાન્ડિંગ અધિકારી ના આદેશ અને નિયંત્રણ હેઠળ દરેક કેમ્પ/કે શિબિરમાં નિષ્ઠાપૂર્વક અને સાચા હૃદયથી ભાગ લઈશ.''

## *પ્રતિજ્ઞા* -Pledge

અમે રાષ્ટ્રીય કેડેર કોર્પ્સના કેડેટસ્, હૃદયથી સંકલ્પ કરીએ છીએ કે અમે ભારતની એકતાને સમર્થન આપીશું અમે અમારા આ રાષ્ટ્રના શિસ્તબધ્ધ અને જવાબદાર નાગરિક બનવાનો સંકલ્પ કરીએ છીએ. અમારા દેશનાં સાથી લોકો ની નિઃસ્વાર્થ પણે અને મદદ કરવાની ભાવનાથી સકારાત્મક સામુદાયિક સેવા કરીશું.

## *એન.સી.સી.નું - વ્યવસ્થાતંત્ર*

એન.સી.સી. એક સ્વૈચ્છિક સંસ્થા છે જેનું સંચાલન સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. એન.સી.સી.નો મુખ્ય કાર્યભાર સંસ્થા સચિવ સંભાળે છે. એન.સી.સી. ની કાર્યક્ષમ કામગીરી અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે તે ભારત સરકારને જવાબદાર છે.

હેડ ક્વાર્ટર્સના સ્તરે એન.સી.સી. નું (સુકાન કે) નેતૃત્વ લેફ્ટનન્ટ જનરલ પદ ના અધિકારી સંભાળે છે જે આખા દેશમાં એન.સી.સી. ની કામગીરી માટે જવાબદાર છે. એન.સી.સી નાં ૧૭ ડિરેકટોરેટસ્ છે. જે દેશની જુદી જુદી રાજધાની ઓમાં પથરાયેલા છે. સૈન્ય ની ત્રણેય પાંખ માંથી મેજર જનરલ / કે બ્રિગેડીયેર કક્ષાનાં ઓફિસર આ ડિરેકટોરેટ નાં અધ્યક્ષ તરીકે કામ કરતાં હોય છે. પ્રત્યેક રાજ્ય ના કદ અને એન.સી.સી. નાં વિકાસને ધ્યાનમાં રાખીને ડિરેકટોરેટે ૧૪ ગ્રુપ હેડ ક્વાટર્સની રચના કરી છે. આ ગ્રુપ હેડક્વાટર્સ થકી ડિરેકટરેટ જે તે રાજ્યમાં આદેશ અને નિયંત્રણ રાખે છે. દરેક ગ્રુપ હેડક્વાટર્સનું નેતૃત્ત્વ બ્રિગ્રેડીયર કે કર્નલ કક્ષાના અધિકારી કરે છે. જેમને ગ્રુપ કમાન્ડર તરીકે ઓળખવામાં આવે છે.

દરેક એન.સી.સી. ગ્રુપ હેડક્વાટર પાંચ થી સાત એન.સી.સી. યુનિટ કે બટાલિયન નું નિયંત્રણ કરે છે. જેનો મુખ્ય અધિકારી લેફ્ટનન્ટ કર્નલ કે તેની સમકક્ષ નો અધિકારી હોય છે.

પ્રત્યેક બટાલિયન માં જુદી જુદી કંપનીઓ હોય છે જેનું નેતૃત્વ એસોસીયેટ એન.સી.સી. ઓફિસર્સ (ANO) કરે છે. આ ઓફિસર્સ પણ લેફ્ટનન્ટ, કેપ્ટન કે મેજર ની કક્ષાના હોય છે.

આમ આખા દેશમાં ૯૫ ગ્રુપ હેડકવાટર્સ છે જેનાં નિયંત્રણ હેઠળ ૬૬૭ આર્મીવીંગ યુનિટ્સ (ટેકનીકલ તેમજ ગર્લ્સ યુનિટ) ૬૦ નેવલ વીંગ યુનિટસ્ અને ૬૧ એર સ્કવોડ્રોન કામ કરે છે.

આ ઉપરાંત વિવિધ કોલેજ નાં અધ્યાપકો અને સ્કૂલનાં શિક્ષકોને સ્પેશિયલ તાલીમ આપવા માટે બે તાલીમ કેન્દ્રો છે. એક છે ઓફિસર્સ ટ્રેઈનીંગ સ્કૂલ, કામટી અને બીજું છે વુમન ઓફિસર્સ ટ્રેઈનીંગ સ્કૂલ, ગ્વાલિયર આ બન્ને તાલીમ કેન્દ્રોમાં અધ્યાપકો અને શિક્ષકોને ખાસ વિશિષ્ટ તાલીમ આપીને એસોસીયેટ એન.સી.સી. ઓફિસર્સ તરીક તૈયાર કરવામાં આવે છે. આજ અધ્યાપકો અને શિક્ષકો એન.સી.સી. નો કેડેટસ્ ને એસોસીયેટ એન.સી.સી. ઓફિસર્સ બનવા માટે તાલીમ અને માર્ગદર્શન આપે છે.

## *એન.સી.સી વ્યવસ્થાતંત્ર* **(NCC Organization)**

નેશનલ કેટેડ કોર્પ્સ નાં વડા તરીકે ડાયરેકટર જનરલ હોય છે. તેઓ લેફટનન્ટ જનરલ કક્ષાના આર્મી ઓફિસર હોય છે. આ ડાયરેકટર જનરલ દેશ ભરનાં એન.સી.સી. નું સંચાલન દીલ્હી ખાતે નાં મુખ્ય મથક પરથી સંભાળે છે. રાજ્ય સ્તરે, એન.સી.સી. ને ૧૭ ડાયરેકટરેટસ્ માં વહેંચવામાં આવ્યું છે. જે બધા જ રાજ્યો અને યુનિયન ટેરટરી ને આવરી લે છે. પ્રત્યેક રાજ્ય સ્તરીય એન.સી.સી ડાયરેકટરેટ હેડકવાર્ટરસ ની નીચે બેથી ચૌદ ગ્રુપ હેડકવાટર્સ કાર્ય કરે છે.

આ ડાયરકેટરેસ્ નું સંચાલન બ્રિગેડીયર કે તેની સમકક્ષના અધિકારી કરે છે. જ્યારે ગ્રુપ નું સંચાલન કર્નલ કે તેમની સમકક્ષ ના નેવી કે એરફોર્સ ના અધિકારી કરતાં હોય છે.

એ.ની.સી.સી. યુનિટ નું સંચાલન મેજર / લેફટનન્ટ કર્નલ કે તેમના સમકક્ષ અધિકારી કરતાં હોય છે.

ડાયરેકટરેટ જનરલ
↓
ડાયરેકટોરેટસ્
↓
ગ્રુપ
↓
યુનિટ

સીનીયર ડીવીઝન → આર્મી, નેવી, એરફોર્સ → કોલેજ લેવલ

જુનિયર ડીવીઝન → આર્મી, નેવી, એરફોર્સ → સ્કૂલ લેવલ

## *એન.સી.સી.નુ કર્મચારી ગણ*

(૧) આર્મી, નેવી અને એરફોર્સ માંથી નિમાયેલ નિયમિત અધિકારી.

(૨) એન.સી.સી. માંથી લવાયેલ ફુલ ટાઈમ મહિલા અધિકારીઓ. (આખા સમયનાં)

(૩) એસોસીયેટ એન.સી.સી. અધિકારીઓ (ANO) જેઓ અધ્યાપક કે શિક્ષક છે.

(૪) ગર્લ કેડેટ પ્રશિક્ષક (GCI) જેઓ એન.સી.સી. માંથી આવે છે.

(૫) આર્મી, નેવી અને એરફોર્સ માંથી આવતો કાયમી તાલીમ અને સૂચના આપનાર સ્ટાફ.

(૬) સિવિલીયન ગ્લાઈડીંગ ઈન્સ્ટ્રકટર.

(૭) સીવીલીયન સ્ટાફ

## *(ધ્વજ)* - **FLAG NCC**

એન.સી.સી. ધ્વજ વચમાં સોનાની કલગી ધરાવે છે. જેની વચ્ચે NCC લખેલ છે. તેની ફરતે ગોળાકાર માં સત્તર કમળ (ગુચ્છો) છે જેની પૃષ્ઠભૂમિ લાલ, નીલો (બ્લૂ) અને હળવો નીલો રગં ધરાવે છે. લાલરંગ આર્મીનું પ્રતીક છે. ગાઢ બ્લૂ નેવીનું પ્રતીક છે. જ્યારે હળવો બ્લૂ એરફોર્સનું પ્રતીક છે. ૧૭ કમળનાં ફુલ દેશનાં સત્તર ડીરેકટરેસ્ટસ્ નુ પ્રતિનિધિત્વ કરે છે.

***એન.સી.સી. ફ્લગ (ધ્વજ) ની નીચે "યુનિટી અને અનુશાસન" એ ધ્યેય લખાયેલું છે.***

## *એન.સી.સી. માં તાલીમ અને ગીત*

સારી અને માળખાગત તાલીમ એ એન.સી.સી. જેવી કોઈપણ સંસ્થા નો અતિ આવશ્યક ભાગ છે. તે કારણેજ તાલીમ ને ખૂબજ મહત્વ આપવામાં આવે છે.

એન.સી.સી. માં એક વ્યવસ્થિત સઘન તાલીમ ની વ્યવસ્થાને કારણે તેઓએ ખૂબજ નામના અને સિધ્ધિ હાંસલ કરી છે આ પ્રકારની સઘન તાલીમ બેઝિક, એડવાન્સ અને વિશેષ એમ ત્રણ સ્તરમાં પથરાયેલી છે. આના કારણે જ એન.સી.સી.માં તાલીમ કેમ્પ્સ પર ખૂબજ ભાર મૂકવામાં આવે છે.

## *એન.સી.સી. ગીત* - **NCC Song**

એન.સી.સી.નું પ્રથમ સત્તાવાર ગીત "કદમ મિલાકેચલ" ને ૧૯૬૩માં અપનાવામાં આવ્યું હતું. પરંતુ ૧૯૭૪માં યુવાનોની કલ્પના શક્તિને પકડવા અને એન.સી.સી.ની સારી ભાવના ને દર્શાવવા પરિવર્તન કરવાની આવશ્યકતા જણાઈ એટલે 'કદમ મિલાકે ચલ' ગીતને બદલે નવુંગીત પસંદ કરાયું નવું ગીત "હમસબ હિન્દી હૈ" થોડાં વર્ષો સુધી ગવાતું રહ્યું ૧૯૮૦ તેમાં આ ગીત નો હિન્દી શબ્દને બદલે "ભારતીય" શબ્દ મૂકાયો જે વધુ યોગ્ય છે.

એન.સી.સી. નાં આ ગીતમાં વિવિધ તામાં એકતાની લાગણી રહેલી છે. અને આપણે બધા ભારતીયો ને એકજ લક્ષ્ય તરફ જવા માટે પ્રેરણા આપે છે.

***હમ સબ ભારતીય હૈં। હમ સબ ભારતીય હૈં।***
***અપની મંજ઼િલ એક હૈ હા હા હા એક હૈ. હો હો હો એક હૈ।***

*હમ સબ ભારતીય હૈં ।*

*કશ્મીર કી ધરતી રાની હૈ । સરતાજ હિમાલય હૈ ।*
*સદિયોં સે હમને ઈસ કો અપને ખુન સે પાલા હૈ ।*
*દેશ કી રક્ષા કી ખાતિર હમ શમશીર ઉઠા લેંગે,*
*હમ શમશીર ઉઠા લેંગે ।*

*બિખરે-બિખરે તારે હૈં હમ, લેકિન ઝિલમિલ એક હૈ ।*
*હા હા હા એક હૈ । હો હો હો એક હૈ ।*
*હમ સબ ભારતીય હૈ ।*

*મંદિર ગુરૂદ્વારે ભી હૈં યહાઁ, ઔર મસ્જિદ ભી હૈ યહાઁ ।*
*ગિરિજા કા હૈ ઘડિયાલ કહીં મુલ્લા કી કહીં હૈ અજાં*
*એક હી અપના રામ હૈં એકહી અલ્લાહ તાલા હૈ ।*
*એક હી અલ્લાહ તાલા હૈં ।*

*રંગ બિરંગે દીપક હૈં હમ. લેકિન મહેફીલ એક હૈ ।*
*હા હા હા એક હૈ હો હોહો એક હૈ ।*
*હમ સબ ભારતીય હૈં હમ સબ ભારતીય હૈં ।*

## *એન.સી.સી. ની તાલીમ પ્રવૃત્તિઓ* <u>**(Traning Activities)**</u>

(એ) Institutional Training - સંસ્થાકીય તાલીમ :- શાળા અને કોલેજમાં સાપ્તાહિક અને માસિક ધોરણે યોજાતી પરેડની તાલીમ.

(બી) Camp Training - શિબિર તાલીમ :- દસથી બાર દિવસની એન.સી.સી. શિબિરમાં ઔપચારિક તાલીમ.

(સી) Attachment Training - જોડાણ તાલીમ :- લશ્કર, નૌકાદળ કે હવાઈદળનાં એકમો સાથે જોડાણ કરીને સઘન તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત આઈ.એમ.એ. ઓટીએ જેવી અધિકારી તાલીમ અકાદમીઓ સાથે જોડાણ કરીને તાલીમ આપવામાં આવે છે.

(ડી) (Navel wing Activites) - નેવલ વીંગ પ્રવૃત્તિઓ :- આમાં એન.સી.સીના કેડેટસ્‌ને સીમેન શીપ, નેવીગેશન, કોમ્યુનિકેશન, નેવલ વોરફેર વગેરે વિશે તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત સ્વીમીંગ, સ્કૂબા ડાઈવીંગ, વીંડ સર્ફીંગ વગેરે રસપ્રદ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે.

(ઈ) Air wing Activities - એરવીંગ પ્રવૃત્તિઓ :- આ માં એરવીંગ શીપ, એરોમોડેલીંગ, નેવીગેશન, એરફેન્સ, એરોએન્જીન અને માઈક્રો લાઈટ ફલાઈંગ વગેરે એન.સી.સી. કેડેટસ્‌ને શીખવવામાં આવે છે.

(એફ)Remount and vetarnary Activities - ઘોડેસવારી વગેરે :- આ પ્રવૃત્તિઓમાં ઘોડેસવારી અને હોર્સમેનશીપ વગેરેની તાલીમ આપવામાં આવે છે.

આ સિવાય બાકીનાં બધાજ એન.સી.સીમાં જોડાય છે તેઓ કેડેટસ્ તરીકે ઓળખાય છે.

***એન.સી.સી.નાં ત્રણેય વિભાગનાં અલગ અલગ કક્ષાનાં અધિકારીઓની સરખામણી***

| Army wing | Naval wing | Air wing |
|---|---|---|
| સીનીયર અંડર ઓફિસર | સીનીયર કેડેટ કેપ્ટન | સીનીયર અંડર ઓફિસર |
| કેડેટ અન્ડર ઓફિસર | જુનિયર કેડેટ કેપ્ટન | કેડેટ અન્ડર ઓફિસર |
| કંપની કર્વાટર માસ્ટર સાર્જન્ટ | પેટી ઓફિસર સાર્જન્ટ મેજર | વોરન્ટ ઓફિસર |
| સાર્જન્ટ | લીડર કેડેટ | સાર્જન્ટ |
| કોર્પોરેલ | કેડેટ કલાસ ૧ | કોર્પોરલ |
| લાન્સ કોર્પોરલ | કેડેટ કલાસ ૨ | લીડીંગ ફલાઈટ કેટેડ |
| કેડેટ | કેડેટ | કેડેટ |

## ***એન.સી.સી. દ્વારા યોજાતા કેમ્પના પ્રકાર***

***કેન્દ્ર દ્વારા યોજાતી (કેમ્પ) - શિબિર* (Centrally organized camps)**

આ પ્રકારના તમામ કેમ્પ એન.સી.સી. નાં ડાયરેકટરેટ જનરલ હેડક્વાર્ટસ બીજા બધાં ડાયરેકટરેસ્ ની સાથે મળીને આખા ભારત દેશ માટે આયોજીત કરે છે.

***કેન્દ્ર દ્વારા યોજાતા કેમ્પના જુદા જુદા પ્રકાર નીચે મુજબ છે.***

1. Leadership Camp - લીડર શીપ કેમ્પ
2. Vayu Sainik Camp - વાયુ સૈનિક કેમ્પ
3. Nau Sainik Camp - નૌ સૈનિક કેમ્પ
4. Rock Climbing Camp - રોક કલાઈમબીંગ કેમ્પ
5. Trekking Camp - ટ્રેકિંગ કેમ્પ
6. Naltionl Integration Camp (NIC) - નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પ
7. Thal Sainik Camp (TSC) - થલ સૈનિક કેમ્પ
8. Army Attachment Camp (AAC) - આર્મી એટેચમેન્ટ કેમ્પ

9. Airfoce Attachment Camp (AAC) - એરફોર્સ એટેચમેન્ટ કેમ્પ
10. Republic Day Camp (RDC) - રીપબ્લિક ડે કેમ્પ
11. Annul Training Camp (ATC) - એન્યુઅલ ટ્રેઈનીંગ કેમ્પ

## *યુથ એકસચેઈન્જ પ્રોગ્રામ*

## YOUTH EXCHANGE PROGRAMME (YEP)

***આ પ્રોગ્રામ અંર્તગત પસંદગી પામેલાં એન.સી.સી. કેડેટસ્ ને વિદેશી મિત્રદેશોમાં દસ દિવસ માટે મોકલવામાં આવે છે.***

આ એક ખૂબજ મહત્વની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ એન.સી.સી. કેડેટ્સમાં આંતર રાષ્ટ્રીય સમજણ અને માહિતી વધારવા માટે છે. આ પ્રવૃતિ આંતર રાષ્ટ્રીય સ્તરે આં દસ દેશોની એન.સી.સી. કોમ્યુનીટી સાથે અરસ પરસ આદાન પ્રદાન કરવામાં આવે છે. આ દેશો નામ છે. ઓસ્ટ્રેલીયા, બંગલાદેશ, ભૂતાન, કેનેડા, માલદીવ્ઝ, નેપાલ, સીંગાપોર, યુ.કે, રશિયા અને વિયંતનામ.

આમ એક સંસ્થા તરીકે એન.સી.સી. એ યુવાનોને એક કરવા માટે આપણાં દેશના ખૂબ મહત્વનું કાર્ય કર્યું છે તદ્‌ઉપરાંત યુથ એકસચેન્જ પ્રોગ્રામ થકી બીજા દેશોનાં યુવાનો ની સાથે આદાન પ્રદાન કરવાના મહત્વ પૂર્ણ પ્રયત્નો પણ કર્યા છે આ રીતે એન.સી.સીએ સંસ્થાની ટ્રેઈનીંગ નો વ્યાપ અને યુનિટીનો લક્ષ્યને ખૂબજ સારી રીતે ફેલાવ્યો છે.

એન.સી.સી.નું પાયાનું કામ યુવાનોનો વિકાસ કરીને તેમને ભવિષ્યનાં પડકારો સામે તૈયાર કરવાનું રહ્યું છે. આ ઉપરાંત એન.સી.સી.ની પ્રવૃત્તિઓ કરતાં યુવાનોને નોકરી/રોજગારીની તક પૂરી પાડે છે. આ સાથે જ દુઘર્ટના કે વિપત્તિમાં નાણાકીય સહાય તેમજ જુદી જુદી સ્કોલર શીપ પણ પૂરી પાડે છે. આ પ્રકારનાં નાણાંકીય પ્રોત્સાહન, શિષ્યવૃતિ વગેરે વિશે સમયાંતરે (સેન્ટ્રલ ગર્વમેન્ટ), કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર તરફથી જાહેરાત કરવામાં આવે છે.

આ પ્રોત્સાહન નોકરીને લગતાં હોય તે ઉપરાંત શિક્ષણ ક્ષેત્ર તથા વ્યક્તિગત સિધ્ધિ માટે મેડલ્સ, ટ્રોફી કે રોકડ રકમનાં રૂપમાં પણ હોય છે. આમાં સૌથી શ્રેષ્ઠ છે. ‘C’ સર્ટી ફિકેટ ધરાવનાર એન.સી.સી કેડેટને માટે ઈન્ડિયન આર્મીમાં ઓફિસર થવામાટે જગ્યા રીર્ઝવ રાખવામાં આવે છે.

***કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી એન.સી.સી. કેડેટસ્ આપવામાં આવતા પ્રોત્સાહનો વિશે માહિતી. આમાં બે ભાગ છે. (૧) કેન્દ્ર સરકાર દ્વારા આપતાં પ્રોત્સાહનો (૨) રાજ્ય સરકાર દ્વારા અપાતાં પ્રોત્સાહનો.***

### *ભાગ -૧ કેન્દ્રસરકાર દ્વારા આપતાં પ્રોત્સાહનો*

***(એ) ‘C’ સર્ટિફિકેટ ધરાવતા કેડેટસ્ માટે :-*** ‘સી’ સર્ટિફિકેટ ધરાવતા એન.સી.સી. કેડેટસ્ માટે આર્મી, નૌકાદળ અને એરફોર્સમાં ચોકકસ જગ્યાઓ ખાલી રાખવામાં આવે છે. ઓફિસર માટે યુપી.એસ.સી.ની કોઈ લેખિત પરીક્ષા લેવામાં આવતી નથી. એકવાર અરજી કર્યા પછી એન.સી.સી. કેડેટને સીધા જ SSB ઈન્યરવ્યુ માટે બોલવવામાં આવે છે જે તેણે પાસ કરવાનો હોય છે. ત્યારબાદ મેરિટ લીસ્ટ મુજબ તેની અંતિમ પસંદગી થાય છે.

***દરેક સેવામાં નીચે મુજબની ખાલી જગ્યાઓ અધિકારીઓ તરીકે આરક્ષિત છે.***

*(૧)* ***આર્મી :-*** આઈ.એમ.એ ખાતે દર વર્ષે ૬૪ બેઠકો અને ઓટીએ ખાતે દર વર્ષે ૧૦૦ બેઠકો.

*(૨)* ***નેવી :-*** નેવલ એસ.એસી.બી દ્વારા કોર્સ દીઠ ૬ બેઠકો.

*(૩)* ***એરફોર્સ :-*** એરફોર્સ એસ.એસ.બી દ્વારા તમામ અભ્યાસ ક્રમો માં ૧૦% ખાલી જગ્યાઓ.

(બી) આર્મી, નેવી અને એરફોર્સ માં ભરતી માટે એન.સી.સી. નાં કેડેટસ્‌ને ભરતી માટે ૫ થી ૧૦% બોનસ ગુણ.

(સી) પેરામીલીટરી દળો અને દૂર સંચાર વિભાગ (Dept of Telecommunication) માં ભરતી/ રોજગાર માટે બોનસ ગુણ.

(ડી) એન.સી.સી. કેટેડની થર્ડ ડિવિઝન ની ડીગ્રી હોય તો પણ સી.આર.પી.એફ માં ગેઝેટેડ પોસ્ટ માટે અરજી કરી શકે છે.

(ઈ) રાજ્ય સરકારની સેવાઓ અને ખાનગી ક્ષેત્રમાં પણ પસંદગી.

(એફ)આ ઉપરાંત એન.સી.સી માં ફુલ ટાઈમ લેડી ઓફિસર, ગર્લ કેડેટ પ્રશિક્ષક, એર અને શીપ મોડેલીંગ પ્રશિક્ષક તરીકે રોજગારની તક રહેલી છે.

## ***નાણાંકીય સહાય / શિષ્યવૃત્તિ***

## **Financial Assitance / Scholar Ships**

એન.સી.સી માં કાર્ય કરતાં કે એન.સી.સી સંબંધિત પ્રવૃત્તિઓ કરતાં જો કોઈપણ કેટેડને ઈજા પહોંચે કે ગંભીર અકસ્માત/ઈજા થાય તો કેડેટ વેલફેર સોસાયટી (CWS) દ્વારા તેમને નાણાંકીય સહાય અને રાહત પૂરી પાડવામાં આવે છે.

### ***નાણાકીય સહાયની વિગતો***

| એન.સી.સીની પ્રવૃત્તિઓ | મૃત્યુનાં કિસ્સા | કાયમી અપંગતા | ટેમ્પરરી અપંગતા |
|---|---|---|---|
| (એ) હાઈ રિસ્ક | રૂ. ૪,૦૦,૦૦૦/- | રૂ. ૪,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૧,૭૫,૦૦૦/- સુધી |
| (બી) બીજી પ્રવૃત્તિઓ માટે | રૂ. ૩,૫૦,૦૦૦/- | રૂ. ૩,૫૦,૦૦૦/- સુધી | રૂ. ૧,૭૫,૦૦૦/- સુધી |

### **(CWS)** ***કેડેટ વેલફેર સોસાયટી દ્વારા અન્ય લાભ નીચે મજુબ છે.***

(એ) શૈક્ષણિક રીતે તેજસ્વી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ.

(બી) દરેક ગ્રુપ કક્ષાએ ફર્સ્ટ બેસ્ટ કેડેટ ને રૂ. ૩૫૦૦/- અને સેકન્ડ બેસ્ટ કેડેટ ને રૂ. ૨૫૦૦/- નો એવોર્ડ

(સી) રમતગમત અને સાહસિક પ્રવૃત્તિઓ માં પ્રોત્સાહિત કરવા.

### ***સ્કોલર શીપ*** **(Scholar Ships)**

(૧) કેડેટ વેલફેર સોસાયટી (CWS) દ્વારા ૧૦૦૦ એન.સી.સી કેડેટસને રૂ. ૬૦૦૦/- પ્રતિ વર્ષની શિષ્યવૃત્તિની સહાય આપવામાં આવે છે.

(૨) સહારા શિષ્યવૃત્તિ :- સહારા સંસ્થા પ્રોફેશનલ્સ અને અન્ય કેટેગરીઝને રૂા. ૩૦,૦૦૦/- ની પ્રતિ વર્ષ સહાય આપે છે જ્યારે એસ.ડી. અને એસ. ડબલ્યુ માટે રૂા. ૧૨,૦૦૦/-ની પ્રતિ વર્ષ સહાય આપે છે.

## *ભાગ - ૨ રાજ્ય સરકારો દ્વારા સહાય / શિષ્યવૃત્તિઓ*

***રોજગાર માં છૂટ :-*** એન.સી.સી. નાં બી-વન અને સી-વન સર્ટીફિકેટ ધરાવનાર કેડેટસ્‌ને જુદીજુદી રાજ્ય સરકારો નાં નીચેનાં ડીપાર્ટમેન્ટસ્ માં રોજગાર માટે પસંદગીમાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

(૧) પોલીસ ખાતુ (૨) ટ્રાન્સપોર્ટ ખાતુ

(૩) ફોરેસ્ટ ખાતુ (૪) એકસાઈઝ ખાતુ

(૫) આ ઉપરાંત ગર્લ્સ કેડેટસ્ ને નર્સ, રીસેપ્સનીસ્ટ, કે ટેલીફોન ઓપરેટર તરીકે પસંદગી કરવામાં પ્રાથમિકતા આપવામાં આવે છે.

## *શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ*

ઘણી બધી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા એન.સી.સી. નાં સર્ટીફિકેટ ધરાવનારાઓ માટે સ્પેશિયલ કોટા રાખવામાં આવેલ છે. તેમાં નીચેના ક્ષેત્ર માં તેમની પસંદગી કરવામાં આવેલ છે.

(૧) ડીગ્રી અને ડીપ્લોમાં અભ્યાસક્રમ.

(૨) એલ.એલ.બી નાં કોર્સ.

(૩) ગર્વમેન્ટ ની પોલીટેકનીક અને એન્જીનીયરીંગ કોલેજ.

(૪) મેડિકલ કોર્સીસ.

આ પ્રકારની સહાય સમયાંતરે બદલાતી રહે છે. રાજ્ય તેમ જ કેન્દ્ર સરકાર નાં આદેશ દ્વારા પ્રસિધ્ધ થતી શિષ્યવૃત્તિ કે સહાયની જાહેરાત ની જાણકારી સમાયંતરે એન.સી.સી નાં કેડેટસે રાખવી જોઈએ.

## *ઉપસંહાર*

એન.સી.સી. એક એવી સંસ્થા જે યુવાઓ નાં વ્યક્તિત્વ વિકાસ માટે વિશાળ માત્રામાં ધન અને શારીરિક સંસાધનો નો ઉપયોગ કરે છે આ વાત થી દેશનાં યુવાઓએ પોતાની જાતને ભાગ્યશાળી માનવી જોઈએ આમ એન.સી.સી. એ એવી નર્સરી છે જે જીવનનાં જુદા જુદા ક્ષેત્રોમાં સંભવિત ભાવિ નેતાઓની સાચી માવજત કરે છે.

આમ એન.સી.સી વિવિધ શસ્ત્ર દળો, પેરા મીલટરી દળો, તેમજ રાજ્ય સરકાર ની નોકરીઓમાં રોજગાર માટે પસંદગીનાં માપદંડ માં કેડેટસ્ ને છૂટ છાટ આપે છે. આ ઉપરાંત જી.સી.આઈ અથવા ડબલ્યુટીલેઓ ના સ્વરૂપમાં એન.સી.સી. માટે કામ કરવાની તક પૂરી પાડે છે.

આ ઉપરાંત વિવિધ સ્કૂલ અને કોલેજ નાં શિક્ષકો તથા અધ્યાપકો ને પણ આર્મી, નેવી અને એરફોર્સ ની એન.સી.સી. સાથે જોડાઈને દેશની સેવાની ઉત્તમ તક મળે છે. સાથે જ તેઓ કેડેટસ્ નાં માર્ગદર્શક તરીકે કાર્ય કરી શકે છે.

## *તાલીમ* - **Training**

આર્મી, નેવી અને એરફોર્સ ની લક્કરી તાલીમ માં એન.સી.સી. નાં કેડેટસ્ ને ડ્રીલ, શૂટીંગ, શારીરિક તંદુરસ્તી, મેપ રીડીંગ, ફર્સ્ટએઈડ, ગ્લાઈડીંગ/ફલાઈંગ, બોટપુલીંગ, સેઈલીંગ, કેમ્પ ટ્રેઈનીંગ વગેરે પાયાની

તાલીમ આપવામાં આવે છે.

આ તાલીમ મોટે ભાગે કેડેટસ્‌ને તેમની શાળાઓ અને કોલેજ માં આપવામાં આવે છે. જે કેડેટ ત્રણેય વિભાગ-(દળ) માંથી જે દળમાં તાલીમ લેવા જાય તેમને તે દળ ની મૂળભૂત તાલીમ / જ્ઞાન આપવામાં આવે છે. દા.ત. એરફોર્સમાં એરવીંગ ના કેડેટસ્ ને ગ્લાઈડીંગ, શક્તિશાળી ઉડ્ડયન વગેરે શીખવવામાં આવે છે. જ્યારે નવલ વીંગ નો કેડેટસ્ ને બોટ પુલીંગ, સેઈલીંગ વગેરે નેવીની મૂળભૂત તાલીમ / જ્ઞાન સાથે શીખવવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓ તેમનાં આખા અભ્યાસ ક્રમ નાં ૫૦% ભાગ જેટલી થઈ જાય છે.

સંસ્થાકીય તાલીમ એ એન.સી.સી. નો સહુથી વધુ મહત્વનો ભાગ છે. એટલે જ તેના પર મહત્તમ ભાર મૂકવામા આવ્યો છે. રાજ્યનાં એન.સી.સી.નાં ડાયરેકટર જનરલે ગ્રુપ અને યુનિટ લેવલે આ પ્રકારની સંસ્થાકીય ટ્રેઈનીંગ નાં આયોજન પર ખાસ ભાર મૂક્યો છે અને તે માટે વ્યાપક સૂચનાઓ આપી છે.

***આ પ્રકારની ટ્રેઈનીંગ (તાલીમ)નું સ્તર સુધારવા માટે નીચેનાં પગલાં લેવામાં આવશે.***

(૧) એન.સી.સી. ટ્રેઈનીંગ માં પી.આઈ. સ્ટાફ નો મહત્તમ ઉપયોગ કરવો.

(૨) (WTLO) ડબલ્યુટીલેઓ અને એ એનઓ (ANO) નાં ઓફિસર્સની વધુ ગાઢ મદદ લેવી.

(૩) ટ્રેઈનીંગ માં સહાયક બનનાર પ્રવૃત્તિઓ / સાધનો વગેરેમાં ખામી હોય તે દૂર કરવી.

## *બેઝિક ટ્રેઈનીંગ સ્કીલ ડ્રીલ*

એન.સી.સી.નાં કેડેટસ્ ને આ બેઝિક ટ્રેઈનીંગ સ્કીલ ડ્રીલ નાં મુખ્ય ધ્યેય અને હેતુથી સારી રીતે પ્રેરિત કરવામાં આવે જેથી કરીને તેઓ યોગ્ય રીતે પ્રોત્સાહિત થાય અને આ ‘ડ્રીલ’ને માત્ર ‘થાક’ લગાડનાર તરીકે નાલે આ ટ્રેઈનીંગમાં યોગ્ય માર્ચીંગ, સેલ્યૂટીંગ, આર્મ્સ ડ્રીલ વગેરે પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. આ ઉપરાંત વધુ રસ જગાડવા માટે ઈન્ટર સ્કવોડ સ્પર્ધાઓ યોજવામાં આવે છે.

## *વેપન્સ ટ્રેઈનીંગ* **Weapon Training)**

એન.સી.સી. નાં બધાજ કેડેટસ્ ફાયરીંગ અને શસ્ત્રોની તાલીમ માં રસ લેતાં હોય છે. એન.સી.સી.નાં તમામ યુનિટે નજીકનાં પેરામીલટરી કે આર્મી સર્વીસ યુનિટ સાથે વ્યવસ્થિત સંપર્ક રાખીને એ ખાસ ધ્યાન રાખવું કે દરેક કેડેટસ્ ને વ્યવસ્થિત પોતાના ભાગે આવેલ શસ્ત્રો નો ઉપયોગ કરવા માટે ● ફાયરીંગ કરવા મળે ફાયરીંગ શીખવા માટે જે કોઈ સહાયક વાત કે પધ્ધતિ હોય તેનો ઉપયોગ પણ જરૂર જણાય ત્યાં કરવો.

## *સાહસિક તાલીમ* **(Adventure Training)**

એન.સી.સી. નાં કેડેટસ્ માં નેતૃત્વ શક્તિ નાં ગુણો ખીલવવા અને મજબૂત કરવા માટે એન.સી.સી. માં સાહસ તાલીમ પ્રવૃત્તિઓ નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ તાલીમ પ્રવૃત્તિઓ નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે.

***(૧) જમીન પરની તાલીમ :-*** માઉન્ટેઈનરીંગ, રોક કલાઈમબીંગ, ટ્રેકિંગ.

***(૨) જળ પરની તાલીમ :-*** દરિયાઈ સફર અભિયાન, વોટર રાફટ્રીંગ, સ્કૂબા ડાઈવીંગ, રીવર ક્રોસિંગ, વગેરે.

***(૩) હવાઈ તાલીમ :-*** પેરાશૂટ સેઈલીંગ.

## (N.C.C. Social Service Activities)

## *(એન.સી.સી. ની સામાજીક સેવાની પ્રવૃત્તિઓ)*

એન.સી.સી. નાં કેડેટસ્ માં નિસ્વાર્થ ભાવે સમાજ સેવા નો ગુણ, શ્રમનું ગૌરવ, સ્વમદદ નું મહત્વ, પર્યાવરણની સુરક્ષા અને સમાજનાં નબળા વર્ગનાં લોકો નો ઉત્થાન માટે ની સેવા માં મદદ રૂપ થાય તેવી ભાવના અને ધ્યેય વિકસિત કરવા માટે કોમ્યુનિટી વિકાસ પ્રવૃત્તિઓ ની શરૂઆત કરવામાં આવી છે.

### *નીચેની પ્રવૃત્તિઓ થકી આ કાર્ય કરવામાં આવે છે.*

| | | | |
|---|---|---|---|
| (૧) | પૌઢ શિક્ષણ | - | Adult education |
| (૨) | વૃક્ષારોપણ | - | Tree platation |
| (૩) | બ્લડ ડોનેશન | - | Blood donation |
| (૪) | દહેજ વિરોધી રેલી | - | Anti Dowry Rally |
| (૫) | સ્ત્રી ભ્રૂણ હત્યા વિરોધી સોગંદ નામું | - | Anti Female In fanticide pledge |
| (૬) | રકતપિત્ત વિરોધી ચળવળ | - | Anti Leprosy Drive |
| (૭) | એઈડઝ જાગૃતિ રેલી | - | Aids Awareness Rally |
| (૮) | ઘરડાઘર - વૃધ્ધાશ્રમ ની મુલાકાત | - | Visit to old Age Homes |
| (૯) | સ્લમ કલીયરન્સ | - | Slum Clearance |
| (૧૦) | ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને રાહત | - | Digsaster Management & Relief |
| (૧૧) | ગ્રામ્ય ઉત્કર્ષ અને બીજી સામાજીક યોજનાઓ | - | Village Uplitment and Various other Social Schemes |

### *સર્ટીફિકેટ પ્રોગ્રામ*

***સમયાંતર એન.સી.સી. હેડ ક્વાર્ટસ્ તરફથી સીનીયર અને જુનિયર (તમામ પાંખના) કેડેટસ્ માટેની પ્રમાણ પત્ર પરીક્ષા લેવા માટેની લાયકાત ની શરતો અને સામાન્ય પ્રક્રિયા ની જાણ કરવામાં આવે છે. આ પ્રક્રિયા/શરતો નો ધ્યેય દરેક પ્રક્રિયા યોગ્ય રીતે થાય, તેમાં કોઈ ભૂલ ના થાય અને જ્યાં જરૂર પડે ત્યાં સૂચના બદલાય કે જરૂર પડે તો ફેરફાર કરાય તે છે.***

**Type of Examination -** *પરીક્ષાના પ્રકાર પરીક્ષા નાં પ્રકાર નીચે મુજબ છે. જુદા જુદા યુનિટ માટે લેવાતી સર્ટીફિકેટ*

| | | |
|---|---|---|
| સર્ટીફિકેટ નો પ્રકાર | - | એન.સી.સી. યુનિટ |
| સર્ટીફિકેટ A | - | જુનીયર ડીવીઝન / વીંગ એન.સી.સી. |
| સર્ટીફિકેટ - B અને C | - | સીનીયર ડીવીઝન / વીંગ એન.સી.સી. |

## *('A' સર્ટીફિકટ પરીક્ષાની લાયકાત - જુનીયર ડીવીઝન)*

(૧) કેડેટ એન.સી.સી. નાં બીજા વર્ષમાં હોવો જોઈએ.

(૨) કેડેટ એન્યુઅલ તાલીમ કેમ્પ માં હાજરી આપી હોવી જોઈએ.

(૩) પ્રથમ અને બીજા વર્ષનાં જુનીયર ડીવીઝન કે વીંગ નાં એન.સી.સી. નાં અભ્યાસ ક્રમ મુજબ કેડેટે ટ્રેઈનીંગ પીરીયડનાં લઘુત્તમ ૭૫% વર્ગમાં હાજરી આપી હોવી જોઈએ.

(૪) એન.સી.સી. ની પરીક્ષમાં હાજરી આપતાં પહેલાં તેણે ૧૨ મહિનાથી વધુ સમય નો વિરામ લીધો ના હોવો જોઈએ જો તેણે પરીક્ષા પહેલાં ૧૨ મહિનાથી વધુ સમયનો વિરામ લીધો હોયતો જ નીચેની પ્રક્રિયા અપનાવવામાં આવશે.

જો એન.સી.સી. કેડેટ બે વર્ષ સુધી યુનિટમાં કાર્યરત રહ્યો હોય / હાજર હોય અને એન.સી.સી. તાલીમ દરમ્યાન ૭૫% પીરીયડ માં હાજરી આપી હોય તો પછી તેણે 'A' એ સર્ટીફિકેટ ની લાયકાત મેળવવા માટે બીજા ૪૫% પીરીયડ ની તાલીમ લેવી જરૂરી છે.

જયારે બીજા કિસ્સા ઓમાં - (એટલે કે બે વર્ષની તાલીમ પછી ૧ વર્ષથી વધુ સમયનો બ્રેક લીધો હોય) તેવા કિસ્સાઓ માં કેડેટે ઓછામાં ૭૫% પીરીયડની તાલીમ લેવી જરૂરી છે.

## 'B' *બી સર્ટીફિકેટ પરીક્ષા પ્રમાણ પત્ર માટે ની લાયકાત. (સીનીયર ડીવીઝન)*

(૧) એન.સી.સી કેટેડ SD/SW તાલીમ ના બીજા વર્ષમાં હોવો જોઈએ.

(૨) તેણે આર્મી-નેવી કે એરફોર્સ ની એક વાર્ષિક તાલીમ (ટ્રેઈનીંગ) કેમ્પ માં ભાગ લીધો હોવો જોઈએ.

(૩) જો કેટેડ પાસે 'એ' સર્ટીફિકેટ હોય તો તેને બોનસના ૧૦ માર્ક આપવામાં આવશે.

(૪) એને.સી.સી. સીનીયર ડીવઝન ના કેડેટે પ્રથમ અને દ્રિતીય વર્ષનાં અભ્યાસ ક્રમ મુજબ કુલ તાલીમ માંથી ઓછામાં ઓછી ૭૫% હાજરી આપી હોવી જોઈએ.

'બી' સર્ટીફિકેટ ની લાયકાત માટે કેડેટે એન.સી.સી. ની બે વર્ષની નિયમિત તાલીમ પછી ૧૮ મહિનાથી વધુ ના સમય ગાળા નો બ્રેક/વિરામ ***ના*** લીધો હોવો જોઈએ. જો તેણે તાલીમ પછી ૧૮ મહિનાથી વધુ નો બ્રેક/વિરામ લીધો હોય તો નીચે મુજબની પ્રક્રિયા લાગુ પડશે.

"જો એન.સી.સી. કેડેટ બે વર્ષ સુધી યુનિટમાં કાર્યરત/હાજર રહ્યો હોય અને એન.સી.સી. તાલીમ દરમ્યાન ૭૫% પીરીયડ માં હાજરી આપી હોય તો તેણે 'B'-બી સર્ટીફિકેટ ની લાયકાત મેળવવા માટે બીજા ૪૫% પીરીયડની તાલીમ લેવી આવશ્યકે છે. આ સિવાયના બીજા કિસ્સા ઓમાં જયાં ઉપરોકત શરતો/નિયમોનું પાલન થતું નથી ત્યાં કેટેડે પ્રથમ અને બીજા વર્ષની તાલીમમાં ઓછામાં ઓછા ૭૫% પીરીયડ માં હાજરી આપવી જરૂરી છે."

(૫) એરવીંગ નાં કેડેટે ઓછામાં ઓછા દસ ગ્લાઈડીંગ તાલીમ વર્ગ પૂરા કર્યા હોવા જોઈએ-

## 'C' *'સી' સર્ટીફિકેટ પ્રમાણપત્ર માટેની લાયકાત (સીનીયર ડીવીઝન)*

(૧) એન.સી.સી. કેડેટે 'B' સર્ટીફિકેટ પાસ કર્યું હોવું જોઈએ.

(૨) કેટેડ SD/SW એન.સી.સી. તાલીમ નાં બીજા કે ત્રીજા વર્ષમાં હોવો જોઈએ.

(૩) એન.સી.સી. કેડેટે તેની તાલીમનાં ત્રીજા વર્ષનાં અભ્યાસ ક્રમ માં ઓછામાં ઓછા ૭૫% વર્ગોમાં હાજરી આપી હોવી જોઈએ.

(૪) 'સી' સર્ટીફિકેટની પરીક્ષા માં હાજરી આપતાં પહેલાં તાલીમ પૂરી કર્યાબાદ એન.સી.સી કેડેટે ૧૮ મહિનાથી વધુ સમયનો વિરામ ***ના*** લીધો હોવો જોઈએ. જો તેના વિરામ નો ગાળો ૧૮ મહિનાથી વધુ નો હોય તો નીચેની પ્રક્રિયા મુજબ કરવામાં આવશે.

"જો એન.સી.સી. કેડેટ બે વર્ષ સુધી યુનિટ માં કાર્યરત હાજર રહ્યો હોય અને તેની એન.સી.સી. તાલીમ દરમ્યાન ૭૫% પીરીયડ માં હાજરી આપી હોય તો તેણે 'સી' સર્ટીફિકેટ માટે બીજા ૪૫ પીરીયડ ની તાલીમ લેવી આવશ્યક છે. આ સિવાયના બીજા કિસ્સાઓમાં એન.સી.સી. કેડેટ પ્રથમ અને દ્રિતિય વર્ષની તાલીમમાં ઓછામાં ઓછા ૭૫% તાલીમ વર્ગોમાં હાજરી આપી હોવી જોઈએ."

(૫) એન.સી.સી. કેડેટે બે તાલીમ કેમ્પ માં હાજરી આપી હોવી જોઈએ.

## *એન.સી.સી. તાલીમ પૂરી કર્યા પછી સર્ટીફિકેટ પરીક્ષામાં ભાગ લેવા માટેની પરવાનગી નાં નિયમ*

એન.સી.સી. કેડેટ જેમણે તાલીમ પૂરી કરી લીધી છે અને પછી એન.સી.સી. સાથે જોડાયેલા ના રહ્યા હોય તેમને જો ફરીથી 'A' કે 'B' કે 'C' સર્ટીફિકેટની પરીક્ષામાં બેસવું હોય તો તેમણે આ એન.સી.સી. માંથી બહાર આવ્યા બાદ ૧૨ મહિનાની અંદર જ આપવી પડશે. તે પણ પોતાનાં ખર્ચે જ આ ઉપરાંત આ કેટેડસ્ બીજી બધી રીતે યોગ્ય તા ધરાવતા હોવા જોઈએ.

એન.સી.સી. નો ભૂતપૂર્વ કેડેટ પોતાનાં ડીચાર્જ સર્ટીફિકેટ સાથે ભારતમાં ગમે તે સ્થળે લોકલ યુનિટ કમાન્ડર ને પ્રમાણપત્ર પરીક્ષમાં બેસવા માટે અરજી કરી શકે છે. એન.સી.સી. નાં ભૂતપૂર્વ કેડેટસ્ ની આ પ્રકારની અરજી સ્વીકારવાનો ગ્રુપ કમાન્ડરને અધિકાર છે.

## *ગ્રેડિંગ ની સુધારણા માટે ફરીથી કસોટી- 'સી' પ્રમાણપત્ર*

જો કેડટ નાં ગ્રેડિંગ માં સુધારો થાય અને તેને NCC સ્પેશિયલ એન્ટ્રી સ્કીમ માટે અરજી કરવી હોય તો તે કરી શકે છે.

***તેની માટે નીચેની શરતો છે.***

(૧) એન.સી.સી. કેડેટસ્ જેમણે 'સી' સર્ટીફિકેટ માં સી ગ્રેડ મેળવ્યો હોય અને પોતાના ગ્રેડિંગ ને વધુ સારો કરવા માંગતો હોય તો તેવા કેડેટસ્ ફરી એકવાર રીટેસ્ટ આપી શકે છે. પણ આ રીટેસ્ટ એકજ વાર આપી શકશે.

(૨) કેડેટે ફરીથી આખી પરીક્ષા માં હાજર રહેવું પડશે.

(૩) નવા કિસ્સાઓની સાથે જ ફરીથી પરીક્ષા લેવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન માં કેડેટે બે સપ્તાહની સ્પેશિયલ પરેડ અને કોચીંગ વર્ગોમાં હાજરી આપવી પડશે જે એન.સી.સી. યુનિટ દ્વારા શૈક્ષણિક સત્ર પછી યોજવામાં આવશે.

જે કેટેડસ્ આ સ્પેશિયલ પરેડ/કે વર્ગમાં હાજરી આપતાં નથી તેઓ પણ રીટેસ્ટ માં હાજરી આપી શકે છે.

આવા કેડેટસ્ ને કોઈપણ પ્રકારનાં ભાડાં ભથ્થા કે નાસ્તા પાણી ની સુવિધા મળશે નહીં.

## Army - આર્મી

ભારતીય સૈન્ય દળ નો મુખ્ય ઉદ્દેશ દેશને બહાર ના કોઈપણ આક્રમણ સામે રક્ષા કરવાનો છે. મુખ્ય હેતુ સિવાય શાંતિ નાં સમય માં સૈન્યદળ નીચેની ફરજો પણ નિભાવે છે.

(૧) યુધ્ધ માટેની તાલીમ (૨) નાગરિક શક્તિ અને શાંતિ માટે સહાય (૩) નાગરિક સંરક્ષણ તાલીમ (૪) રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમ (૫) કુદરતી આફતમાં મદદ અને સહાય

ભારતના બંધારણ મુજબ ભારતના રાષ્ટ્રપતિ એ સશસ્ત્ર દળો નાં સુપ્રીમ કમાન્ડર છે. સંરક્ષણ એ કેન્દ્ર સરકાર નો વિષય છે. સંરક્ષણ દળોનું સંગઠન, સંચાલન માર્ગદર્શન અને વહીવટ ભારત સરકાર દ્વારા કરવામાં આવે છે. તેને અસરકારક રીતે કરવા માટે નીચે જણાવેલી સંરક્ષણ સમિતિઓ કાર્યરત છે.

(૧) પ્રધાનોની કમિટી (સમિતી) - ભારતના વડાપ્રધાન આ સમિતીના અધ્યક્ષ પદે હોય છે. અને સંરક્ષણ પ્રધાન, ગૃહ પ્રધાન, નાણાં પ્રધાન અને પરિવહન પ્રધાન આ સમિતીનાં સભ્યો હોય છે. દેશનાં સંરક્ષણ માટેની આ સર્વોચ્ચ સમિતી છે. આ સમિતીજ દેશનાં સંરક્ષણની નીતિઓ બનાવે છે. આ સમિતિની નીતિઓનો અમલ સંરક્ષણ પ્રધાન અને સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

(૨) સંરક્ષણ પ્રધાન ઈન્ટર સર્વિસીઝ સમિતી :- આ સમિતીના અધ્યક્ષ સંરક્ષણ પ્રધાન છે. બીજા સભ્યો તરીકે રાજ્ય કક્ષાના સંરક્ષણ પ્રધાન, સંરક્ષણ ઉત્પાદન પ્રધાન, સંરક્ષણ સચિવ, વૈજ્ઞાનિક સલાહકર, ત્રણેય દળોના ચીફ ઓફ સ્ટાફ, નાણાંકીય સલાહકાર (સંરક્ષણ) હોય છે. આ સમિતિ ત્રણેય દળોનાં સંરક્ષણ પ્રોજેકટસ્, આંતર સેવાઓનાં કલ્યાણ તથા વિકાસ કાર્ય નું ધ્યાન રાખે છે.

(૩) સંરક્ષણ ઉત્પાદન સમિતિ :- નીચે મુજબનાં કાર્યો માટે આ સમિતિ જવાબદાર છે. (૧) સંરક્ષણ દળો માટે જરૂરી વસ્તુઓનું ઉત્પાદન (૨) નિવૃત્તિ સૈનિકો નાં પેન્શન માટે ની અપીલ ની સમિતિ નાં કાર્ય (૩) સંરક્ષણમાં સંશોધન અને સંરક્ષણ ની વસ્તુઓ માં સુધારાઓની જરૂરિયાત અને થયેલા સુધારાને ધ્યાનમાં લે છે.

સંરક્ષણ પ્રધાન ઉપરની ત્રણેય સમિતીઓનાં અધ્યક્ષ હોય છે.

(૪) સંરક્ષણ પ્રધાનની નેવી અને એરફોર્સ ની સમિતિઓ :- આ તમામ સમિતીઓનાં અધ્યક્ષ પદે સંરક્ષણ પ્રધાન હોય છે. તેમની સાથે નાયબ સંરક્ષણ પ્રધાન, સંરક્ષણ સચિવ, સૈન્યના વડા, નૌકાદળ અને વાયુદળ નાં વડા તેમનાં કર્મચારીઓ તથા નાણાં સલાહકાર સભ્યો તરીકે હોય છે.

(૫) ચીફ ઓફ સ્ટાફ સમિતિ :- આ સમિતિ નાં મુખ્ય સભ્યો ત્રણેય દળો નાં વડાં હોય છે. આ સમિતિ સંયુક્ત રીતે સરકારને ત્રણેય દળો નાં કાર્યો અંગે સલાહ સૂચન આપે છે. આપણાં સંરક્ષણ દળોનાં ત્રણ ભાગ છે. (૧) આર્મી (૨) નેવી (૩) એરફોર્સ આ ત્રણેય દળોનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે.

## Armmed Forces - સૈન્ય દળ

દેશમાટે જે દળો ધરતી પર લડે છે એ આર્મી તરીકે ઓળખાય છે. આર્મી નાં ચીફ ને ચીફ ઓફ ધી આર્મી તરીકે ઓળખવામાં આવે છે. આ હોદ્દો સૈન્ય નાં જનરલનાં હોદ્દા ની કક્ષાવાળા માટે છે. આર્મી ચીફની સહાયતા માટે તેમની નીચે એક મુખ્ય કર્મચારી અધિકારી સમિતિ હોય છે. આ સમિતિનાં સભ્યો માં, વાઈસ

ચીફ ઓફ આર્મી, ડેપ્યુટી ચીફ ઓફ આર્મી, એડજ્યુટન્ટ જનરલ, ક્વાર્ટર માસ્ટર જનરલ, માસ્ટર જનરલ ઓફ ઓર્ડિનાન્સ અને ડીફેન્સ સેક્રેટરી હોય છે તેમનાં સલાહકાર માં એન્જીનયર ઈન ચીફ, ડાયરેકટર જનરલ મેડિકલ સર્વિસીઝ વગેરે હોય છે. આ તમામ ઓફિસર્સ લેફટનન્ટ જનરલ ની કક્ષાના હોય છે.

## *આર્મી હેડકવાટર્સની મુખ્ય શાખાઓ નીચે મજુબ છે.*

(૧) જનરલ સ્ટાફ બ્રાન્ચ (શાખા) :- આ બ્રન્ચ યુધ્ધને લગતી તમામ બાબતોનાં સંચાલન સાથે સંબંધ ધરાવે છે.

જેમાં મુખ્ય છે. લશ્કરી ગુપ્તચર તંત્ર, સૈન્ય ને તાલીમ અને શિક્ષણ માટેની સંસ્થાઓ આર્મીની વિવિધ શાખાઓ સાથે સંકલન, આર્ટીલરી અને સશસ્ત્રો દળો માટે હથિયાર અને શસ્ત્રોની જોગવાઈ, પાયદળ, ટેરીટોરીયલ આર્મી અને સંરક્ષણ સુરક્ષા કોર્પ્સ ને લગતી બાબતો.

હાલમાં આ બ્રાન્ચને બે ભાગમાં વહેંચી દેવામાં આવી છે. આર્મીના વાઈસ ચીફ અને ડેપ્યુટી ચીફ - આ તમામ કામગીરીનું ધ્યાન રાખે છે. તેમની નીચે વિવિધ નિયામકો છે જે આ કાર્યોને સફળતા પૂર્વક પાર પાડવામાં મદદરૂપ થાય છે.

(૨) એડજ્યુટન્ટ જનરલ બ્રાન્ચ (એ.જી.શાખા) આ બ્રાન્ચ સૌનિકોની ભરતી, રજા, બઢતી, શિસ્ત, પગાર ભથ્થા, સૈનિકોનું કલ્યાણ, મનોબળ, આરોગ્ય, અને સૈન્યનાં કાયાદા કાનૂન વગેરે સંબંધિત કાર્યો સંભાળે છે.

(૩) ક્વાર્ટર માસ્તર જનરલ બ્રાન્ચ (Q.M.G. Branch) :- આ બ્રાન્ચ આવાસ, ખાદ્ય સામગ્રી, પરિવહન, બળતણ, તેલ-ઈંધણ, ઈજનેરી કામો, લશ્કરી ફાર્મ્સ, રીમાઉન્ટ અને વેટરનરી કોર્પ્સ, આર્મી પોસ્ટલ કોર્પ્સ, પાયોનિયર અને કેન્ટિન વગેરે ને લગતાં કાર્યો સંભાળે છે.

(૪) માસ્ટર જનરલ ઓર્ડિનાન્સ બ્રાન્ચ (G.O. Branch) :- આ બ્રાન્ચ ઓર્ડિનાન્સ સ્ટોર્સ નાં કાર્યો - જેવાંકે કપડાં, વેબ ઉપકરણો, શસ્ત્રો, શસ્ત્રાગાર, દારૂ ગોળો, ટેન્કોની જોગવાઈ, વિતરણ અને સમારકામ વગેરે કાર્યો નું સંચાલન કરે છે.

(૫) મીલીટરી સેક્રેટરી બ્રાન્ચ (Military Secretary Branch) :- બ્રાન્ચ અધિકારીની નિમણુંક, તેમનાં રેકોર્ડ, બદલી, બઢતી, ઈનામ અને નિવૃત્તિ વગેરે સંબંધિત કાર્યભાર સંભાળે છે.

(૬) એન્જીનીયર ઈન ચીફ બ્રાન્ચ (R in C Branch) :- આ શાખા દ્વારા સૈન્ય નાં એન્જીનીયરીંગ ને લગતાં તમામ કાર્યો ની દેખરેખ સંચાલન કરવામાં આવે છે.

(૭) મેડિકલ ઈન ચીફ બ્રાન્ચ :- આ શાખા સૈન્ય દળો નાં તમામ સૌનિકોનાં સ્વાસ્થય ની દેખરેખ રાખે છે આ સાથેજ સૈન્યની તમામ હોસ્પિટલ ની દેખરેખ/ અને સંચાલન કરે છે.

## *આર્મીની શાખાઓ* <u>(Branches of Army)</u>

**(A)** *બિન તકનીકી શાખાઓ* **(Non technical Branches)**

(૧) આર્મ્ડ કોર્પ્સ - આ સેનાદળ દુશ્મનો સાથે ટેન્કો અને બખ્તરિયાં વાહનો થકી લડે છે.

(૨) આર્ટીલરી :- આર્ટીલરી નું સૈન્યદળ દુશ્મનો સામે બંધૂકો, રોકેટસ્, મોર્ટાર વગેરે થી લડે છે અને આ શસ્ત્રો ની મદદ થી પાયદળને જમીન પર આગળ વધવામાં મદદરૂપ થાય છે.

(૩) પાયદળ (Infantry) :- આ સૈન્ય નું સૌથી અગત્યનું અંગ છે. પાયદળ દુશ્મનો સાથે જમીન પર ની લડાઈ કરે છે.

**(B)** ***ટેકનીકલ બ્રાન્ચીઝ*** **- (Technicla Branches) :-**

(૧) કોર્પ્સ ઓફ એન્જીનીયર્સ :- આ બ્રાન્ચ અનેક વિધ કાર્યો કરે છે. સૈન્ય દળો નાં આવાસ બાંધકામ નાં કાર્યો, દુશ્મનો એ બિછાવેલી ગુપ્ત સુરંગો શોધવાનું અથવા બિછાવવાનું કાર્ય વગેરે સૈન્યદળોની આગેકૂચ વખતે સંભાળે છે.

(૨) કોર્પ્સ ઓફ સીગ્નલ્સ :- લશ્કરની તમામ શાખાઓ, યુનિટ વચ્ચે તમામ પ્રકારનાં સંદેશો વ્યવહાર અને માહિતીઓ લાવવા લઈજવાનું મહત્વનું કાર્ય આ બ્રાન્ચ સંભાળે છે. તેમાં કોઈ વિધ્ન ના આવે તેનું પણ ધ્યાન રાખે છે.

**(C)** ***સર્વિસીઝ*** **- (Services) :-**

(૧) કોર્પ્સ ઓફ ઈલેટ્રીકલ અને મિકેનીકલ એન્જીનીયર્સ - (E.M.E) :- આ બ્રાન્ચ મુખ્યત્વે લશ્કરનાં શસ્ત્રો, દારૂગોળો, વાહનો, ઈલેક્ટ્રીક સાધનો, સિગ્નલ અને મેડિકલનાં સાધનો વગેરેનું સમારકામ વગેરેનું કામકાજ સંભાળે છે.

(૨) આર્મી સર્વિસ કોર્પ્સ (A.S.C.) :- લશ્કરનાં દળો માટે ખોરાક,ખાદ્ય પદાર્થો, બળતણ, લ્યુબ્રીકન્ટ, તેલ, વગેરે ને પહોંચાડવાનું કાર્ય કરે છે. આ ઉપરાંત સૈન્ય દળોનાં પ્રાણીઓ, સ્વાસ્થ્ય ઉપયોગી રસાયણો, તમામ પ્રકાર નાં વિવિધ પુરવઠા ને જુદા જુદા યુનિટો માં પોહંચાડવાનું કાર્ય કરે છે.

(૩) આર્મી મેડિકલ કોર્પ્સ (A.M.C.) :- આ બ્રાન્ચ બિમાર અને ઈજાગ્રસ્ત સૈનિકો ની સારવાર નાં કાર્યો સંભાળે છે. આ ઉપરાંત સૈન્ય દળોમાં અને તેમનાં પરિવારોમાં કોઈપણ પ્રકારનાં રોગ ના ફેલાય તેના માટે પગલાં લે છે.

(૪) આર્મી ડેન્ટલ કોર્પ્સ (A.D.C.) :- આ કોર્પ્સ સૈન્યદળોનાં સૈનિકો અને પરિવાર જનોનાં દાંતની તથા તેને લગતાં રોગની સારવાર ના કાર્યો ની દેખરેખ રાખે છે.

(૫) મીલટરી નર્સીંગ સર્વિસ :- આ બ્રાન્ચ આર્મી મેડિકલ કોર્પ્સ ની દેખરેખમાં કાર્ય કરે છે. તેમનું મુખ્ય કાર્ય સૈન્ય નાં ઘાયલ અને માંદા જવાનોની સેવા / સુશ્રુશા કરવાનં હોય છે.

(૬) આર્મી ઓર્ડિનેન્સ કોર્પ્સ (A.O.C.) :- આ કોર્પ્સ લશ્કરનાં ગણવેશ, કપડાં, હથિયારો, દારૂગોળો અને વાહનો નાં નિકાલ વગેરે બાબતોનું સંચાલન કરે છે.

(૭) રીમાઉન્ટ અને વેટરનરી કોર્પ્સ (R.V.C.) :- આ કોર્પ્સ નું મુખ્ય કાર્ય સૈન્યના માંદા, ઘાયલ પ્રાણીઓની સારવાર અને તેમનામાં કોઈ ચેપીરોગ ના ફેલાય તેનું છે આ ઉપરાંત સૈન્ય દળોનાં ઉપયોગમાં લેવાતાં કુતરાઓનું બ્રીડીગ, ટ્રેઈનીંગ, બળદોની સાચવણી ઘોડાઓ ની ટ્રેઈનીંગ વગેરે કાર્યો સંભાળે છે.

આ ઉપરાંત સૈન્ય દ્વારા વરાશમાં લેવાતાં, માંસ, મચ્છી, મરઘાં વગેરે નું નીરીક્ષણ - સાચવણી કરવાનું કાર્ય સંભાળે છે.

(૮) મીલીટરી ફાર્મ્સ :- લશ્કરી દળો માટે દૂધ અને તેનાં ઉત્પાદનો તથા પ્રાણીઓ માટે ઘાસચારા વગેરેની વ્યવસ્થા ત્યા સંચલાન નું કાર્ય સંભાળે છે.

(૯) આર્મી એજ્યુકેશન કોર્પ્સ (A.E.C.) :- આ કોર્પ્સ સૌનિકોનાં શિક્ષણની વ્યવસ્થા તેમજ સંચાલન ની દેખરેખ રાખે છે.

(૧૦) ઈન્ટેલિજન્સ કોર્પ્સ :- દુશ્મોની ગતિવિધિઓ વગેરેની ગુપ્તચર માહિતી મેળવી તેનું વિશ્લેષણ કરવાનુ કાર્ય સંભાળે છે.

(૧૧) (C.M.P.) મીલીટરી પોલિસ કોર્પ્સ :- જેમ દેશમાં સામાન્ય પોલીસ હોય છે તેવીજ રીતે આ મીલટીરી પોલીસ કોર્પ્સ છે. આ કોર્પ્સ સૈન્યદળો ની શિસ્ત, સૈન્યનાં ગુના, ટ્રાફિક નિયંત્રણ અને યુધ્ધનાં કેદીઓ અંગેનાં કાર્યો ની દેખરેખ રાખે છે.

(૧૨) જજ એડવોકેટ જનરલ બ્રાન્ચ :- (J.A.G.) સૈન્યની આ કાનૂની શાખા છે. કોર્ટ માર્શલનાં કેસ અને સૈન્યનાં કમાન્ડનાં દરેક પ્રકારનાં કાયદાકીય પ્રશ્નોમાં સલાહ સૂચન આપવાનું કાર્ય કરે છે.

(૧૩) આર્મી પાયોનિયર કોર્પ્સ :- આ કોર્પ્સ જ્યાં સૈન્યદળો કાર્યરત હોય ત્યાં ના રસ્તાઓ, વગેરેનું બાંધકામ તથા મજૂરો અને એન્જીનીયરો નાં સંચાલન નું કાર્ય કરે છે.

(૧૪) આર્મી કેન્ટિન સ્ટોર્સ ડીપાર્ટમેન્ટ :- આ શાખા સૈનિકોનાં અંગત ઉપયોગ ની દૈનિક વસ્તુઓની જરૂરીયાત, અને પુરવઠાની વગેરે કાર્યો ની સંભાળ રાખે છે.

(૧૫) ડીફેન્સ સીક્યુરીટી કોર્પ્સ (D.S.C.) સૈન્યદળો નાં યુનિટ અને હેડકવાટર્સ વગેરે જગ્યાઓની સલામતી અને સુરક્ષાની જવાબદારી સંભાળે છે.

અસરકારક આદેશ અને નિયંત્રણ માટે આર્મી પાસે છ જુદા જુદા કમાન્ડ છે. અને એક ટ્રેઈનીંગ કમાન્ડ છે. જે નીચે મુજબ છે.

(૧) હેડક્વાર્ટસ પૂર્વ કમાન્ડ - કલકત્તા - પશ્ચિમ બંગાલ.

(૨) હેડક્વાર્ટસ પશ્ચિમ (વેર્સ્ટન) કમાન્ડ - ચંડિમંદિર

(૩) હેડક્વાર્ટસ દક્ષિણ કમાન્ડ - પૂણે - મહારાષ્ટ્ર

(૪) હેડક્વાર્ટસ મધ્ય કમાન્ડ - લખનૌ - ઉત્તર પ્રદેશ

(૫) હેડક્વાર્ટસ ઉત્તર કમાન્ડ - ઉધ્ધમપુર (જમ્મુ અને કાશ્મીર)

(૬) હેડક્વાર્ટસ દક્ષિણ પશ્ચિમ કમાન્ડ - જયપુર - રાજસ્થાન

(૭) હેડક્વાર્ટસ ટ્રેઈનીંગ કમાન્ડ - સીમલા (હિમાચલ પ્રદેશ)

આ તમામ કમાન્ડ નું સંચલાન કરનારા ઓફિસર્સ એ લેફટનન્ટ જનરલ ની કક્ષાનાં જ હોય છે. ને તેમને જનરલ ઓફિસર કમાન્ડર ઈન ચીફ તરીકે ઓળખવામાં આવે છે.

આ કમાન્ડ ની નીચે મુખ્ય અને પેટા હેડક્વાર્ટસ / મથકો છે. જેનાં મુખ્ય અધિકારી તરીકે મેજર જનરલ કે / બ્રિગેડીયર કક્ષા નાં અધિકારીઓ નીમવામાં આવે છે.

## ભારતીય લશ્કરી દળો ની તાલીમ આપતી સંસ્થાઓ.

## Training Institute of Indian Army

| નામ | સ્થળ |
|---|---|
| (૧) નેશનલ ડીફેન્સ એકેટમી - NDA | ખડકવાસલા |
| (૨) ઈન્ડિયન મીલીટરી એકેડમી - (IMA) | દેહરાદૂન |
| (૩) ઓફિસર્સ ટ્રેઈનીંગ એકેડમી (ITA) | ચેન્નાઈ |
| (૪) ડીફેન્સ સર્વિસીઝ સ્ટાફ કોલેજ | વેલીન્ગટન |
| (૫) આર્મી સ્કૂલ ઓફ ફીઝીકલ ટ્રેઈનીંગ | પૂણે |
| (૬) નેશનલ ડીફેન્સ કોલેજ | ન્યુ દીલ્હી |
| (૭) આર્મ્ડ ફોર્સીઝ મેડિકલ કોલેજ | પૂણે |
| (૮) આર્મી વોર કોલેજ | માઉ |
| (૯) આર્મ્ડ કોર્પ્સ સેન્ટર અને સ્કૂલ | અહેમદનગર |
| (૧૦) ઈન્ફન્ટ્રી સ્કૂલ | માઉ અને બેલગામ |
| (૧૧) સ્કૂલ ઓફ આર્ટીલરી | દેવલાલી |
| (૧૨) કોલેજ ઓફ મીલીટરી એન્જીનીયરીંગ | કીરકી-પૂણે |
| (૧૩) મીલટરી કોલેજ ઓફ ટેલીકોમ્યુનીકેશન એન્જીનીયરીંગ | માઉ |
| (૧૪) ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ | સીકન્દરાબાદ |
| (૧૫) આર્મી કેડેટ કોલેજ | દહેરાદૂન |
| (૧૬) આર્મી ઓર્ડીનાન્સ કોર્પ્સ સ્કૂલ | જબલપુર |
| (૧૭) હાઈ અલટીટ્યુડ વોરફેર સ્કૂલ | ગુલમર્ગ |
| (૧૮) આર્મી સવિસ કોર્પ્સ સ્કૂલ | બરેલી |
| (૧૯) મીલટરી કોલેજ ઓફ ઈ.એમ.ઈ | સીકન્દરાબાદ |
| (૨૦) આર.વી.સી. સેન્ટર એન્ડ સ્કૂલ | મીરત |
| (૨૧) આર્મી એજ્યુકેશન કોર્પ્સ ટ્રેઈનીગ કોલેજ અને સેન્ટર | પંચમનાડે |
| (૨૨) ઈન્ટેલીજન્સ ટ્રેઈનીંગ સેન્ટર | પૂણે |
| (૨૩) કોર્પ્સ ઓફ મીલીટરી પોલીસ સેન્ટર અને સ્કૂલ | બેંગલોર |
| (૨૪) જુનીયર્સ લીડરશીપ એકેડમી | બરેલી |
| (૨૫) આર્મી એર ટ્રાન્સપોર્ટર સ્કૂલ | આગ્રા |
| (૨૬) આર્મી કલાર્કસ્ સ્કૂલ | ઔરંગાબાદ |
| (૨૭) કોલેજ ઓફ મટીરીયલ મેનેજમેન્ટ | જબલપુર |

## *નેવી* - **(Navy)**

ભારતીય નૌકાદળ દેશની દરિયાઈ સરહદા ની સુરક્ષા માટે જવાબદારી છે. આ માટે નેવી પાસે વહાણો, એરોપ્લેન બોટસ્ વગેરે અનેક સાધનો છે.

ચીફ ઓફ નેવલ સ્ટાફ એ એડમીરલ કક્ષાના હોય છે. અને નેવીનું હેડકવાટર્સ ન્યુ દીલ્હી ખાતે છે.

નૌકાદળનાં વડા તેમનાં હાથ નીચેનાં મુખ્ય અધિકારીઓ દ્વારા નેવીને નિયંત્રણ માં રાખે છે. આદેશ આપે છે. ભારતીય નૌકાદળ નાં મુખ્ય ત્રણ કમાન્ડ છે.

(૧) (વેસ્ર્ટન) પશ્ચિમ કમાન્ડ - મુંબઈ (૨) પૂર્વીય કમાન્ડ - વિશાખા પટ્ટનમ્ (૩) દક્ષિણ કમાન્ડ - કોચીન

આ બધાંજ કમાન્ડ નાં મુખ્ય વડા તરીકે વાઈસ એડમિરલ રેન્ક નાં અધિકારી જ હોય છે. હાલનાં તબક્કે નૌકાદળ પાસે બે કાફલા છે. (૧) પૂર્વીય કફલો (૨) પશ્ચિમી કાફલો. આ કાફલા ના વડા તરીકે રીયર એડમિરલ કક્ષા નાં અધિકારી જ હોય છે.

### *ભારતીય નૌકાદળ ની તાલીમ આપતી સંસ્થાઓ*

### **Training Institutes of Indian Navy**

(૧) ભારતીય નેવલ એકેડમી - કોચીન

(૨) આઈ.એન.એસ. શિવાજી - લોનાવલા (મહારાષ્ટ્ર)

(૩) ન્યૂ રીક્રુટસ્ ટ્રેઈનીંગ સેન્ટર - ચિલકા - ઓરિસ્સા

(૪) કેન્દ્રીય તાલીમ કેન્દ્ર - ડ્યુવોલીપ - ગોવાં

(૫) પુરવઠા અને સચિવાલય ની ફરજો માટે તાલીમ કેન્દ્ર - મલાડ - મુંબઈ

(૬) આઈ.એન.એસ. વાલસુરા - જામનગર, કોચીન, મુંબઈ, વિશાખાપટ્ટનમ્

### *નૌકાદળનાં કેટલાંક મહત્ત્વનાં જહાજો અને સબમરીન*

| | | | |
|---|---|---|---|
| (૧) | એરક્રાફટ કેરિયર્સ | - | આઈ.એન.એસ. વિરાટ વગેરે. |
| (૨) | આર કલાસ ડીસ્ટ્રોયર્સ | - | આઈ.એન.એસ. રાણા |
| | | - | આઈ.એન.એસ. રણજીત |
| | | - | આઈ.એન.એસ. રાજપૂત |
| | | - | આઈ.એન.એસ. રણવીર |
| | | - | આઈ.એન.એસ. નીલગિરી. |
| (૩) | મીસાઈલ ફીગ્રેટસ્ | - | આઈ.એન.એસ. ગંગા |
| | | - | આઈ.એન.એસ. ગોમતી |
| | | - | આઈ.એન.એસ. ગોદાવરી |
| | | - | આઈ.એન.એસ. વિજયદુર્ગ વગેરે |
| (૪) | ન્યૂકીયર સબમરીન | - | આઈ.એન.એસ. ચક્ર |
| (૫) | કોસ્ટલ ગાર્ડઝ શીપ | - | (૧) આઈ.એન.એસ. વિક્રમ |
| | | - | (૨) આઈ.એન.એસ. અહલ્યાબાઈ |

(૬) લેન્ડીંગ ક્રાફટસ્ - આઈ.એન.એસ. મહેશ
- આઈ.એન.એસ. ચીતા
- આઈ.એન.એસ. ગુલ્ડોર વગેરે

(૭) હોસ્પિટલ શીપ્સ - આઈ.એન.એસ. સંજીવની
- આઈ.એન.એસ. કલ્યાણી

(૮) સર્વે શીપ્સ - આઈ.એન.એસ. નિર્દેશક
- આઈ.એન.એસ. સંદેશી

## *એર ફોર્સ* - **<u>(Air Force)</u>**

ભારતીય હવાઈ દળ નો જન્મ ૧૯૩૨ દરમ્યાન થયો હતો. ભારતીય હવાઈ દળ ભારતની હવાઈ સરહદોની સુરક્ષા માટે જવાબદાર છે.

ભારતીય હવાઈ દળ નાં વડા તરીકે એર ચીફ માર્શલ ની કક્ષાનાં અધિકારી હોય છે. ભારતીય હવાઈ દળનું મુખ્ય મથક ન્યૂ દીલ્હીમાં છે. ભારતીય હવાઈ દળનાં વડા પ્રીન્સીપલ સ્ટાફ ઓફિસર નાં માધ્યમ દ્વારા આખાં દેશનાં હવાઈ દળનું સંચાલન કરે છે.

***ભારતીય હવાઈ દળનાં મુખ્ય ૬ કમાન્ડ છે.***

(૧) પશ્ચિમી એર કમાન્ડ - પાલમ (દિલ્હી)
(૨) સેન્ટ્રલ એર કમાન્ડ - અલહાબાદ
(૩) પૂર્વીય એર કમાન્ડ - શિલોંગ
(૪) દક્ષિણ પશ્ચિમ એર કમાન્ડ - ગાંધીનગર
(૫) દક્ષિણ એર કમાન્ડ - થીરૂવન્થપુરમ્
(૬) ફંકશનલ એર કમાન્ડ (એ) - બેંગ્લોર
ટ્રેઈનીંગ એર કમાન્ડ (બી)
(૭) મેઈન્ટેનન્સ એર કમાન્ડ - નાગપુર

‘ન્યૂકલીયર અને વ્યુહાત્મક ફોર્સીસ કમાન્ડ નામક નવો કમાન્ડ ઉભો કરવામાં આવ્યો છે. જેનું વડુંમથક ન્યુ દિલ્હીમાં છે. એર માર્શલ તેજ મોહન અસ્થાના ને પ્રથમ કમાન્ડર ઈન ચીફ તરીકે નિમવામાં આવ્યા છે.’

## <u>Training Institutes of Indian Air Force</u>

## *ભારતીય હવાઈ દળની તાલીમ આપતી સંસ્થાઓ.*

(૧) એરફોર્સ એકેડમી - હૈદરાબાદ
(૨) ફાઈટર ટ્રેઈનીંમગ વીંગ - હકીમપેઠ
(૩) એરફોર્સ એડમીનીસ્ટ્રેટીવ કોલેજ - કોઈમ્બતૂર
(૪) એલીમેન્ટરી ફલાઈંગ ટ્રેઈનીંગ સ્કૂલ - બીડર (આંધ્રપ્રદેશ)
(૫) એરફોર્સ ટ્રેઈનીંગ ટેકનીકલ કોલેજ - જલાહલી
(૬) કોલેજ ઓફ એર વોરફેર - સિન્કદરાબાદ
(૭) પેરા-ટ્રુપર ટ્રેઈનીંગ સ્કૂલ - આગ્રા
(૮) ફલાઈંગ ઈન્સ્ટ્રકટર્સ સ્કૂલ - તંબ્રામ

## *ભારતીય વાયુ સેનાનાં વિમાનો*

(૧) ટ્રેઈનીર :- ટાઈગર, મોથ, હાર્વડ, એચ ટી-૨૧, ટેક્ષાન ટીદ્દજી વગેરે

(૨) ટ્રાન્સપોર્ટ :- ડોવ, સુપર કોન્સ્ટેલેશન એચ એસ ૭૪૮, એ એન-૧૨, એન-૩૨ વગેરે

(૩) ફાઈટર :- મીગ-મીસ્ટ્રી, હંટર, સી-હોક, અજીત-મીગ-૨૩,૨૯ વગેરે

(૪) બોમ્બર :- એચ એફ-૨૪, જગુઆર, મિરાજ વગેરે

(૫) હેલિકોપ્ટર :- બેલ, ૪૭ જીડ, ચેતક, એમ આઈ-૪, એમ-૧૮ ચિતાહ વગેરે

## *શૌર્ય પુરસ્કાર*

## (Gallantry Awards)

*(૧)* ***પરમવીર ચક્ર :-*** સૈન્યનાં કોઈપણ સૈનિકે આકાશમાં, ભૂમિ, દરિયા કે આકાશમાં બતાવેલી બહાદૂરી માટે આ ચક્ર આપવામાં આવે છે. આ ચક્ર શત્રુઓ સામે બતાવેલ ખૂબજ સારી બહાદૂરી કે હિંમત અથવા તો પ્રબળ શૌર્ય નું કાર્ય, કે આત્મ બલિદાન માટે આપવામાં આવે છે આ પ્રથમ ક્રમ નો એવોર્ડ છે.

*(૨)* ***મહાવીર ચક્ર :-*** સૈન્યનાં કોઈપણ સૈનિકે ભૂમિ, દરિયા કે આકાશામં દુશ્મનની સામે દાખવેલ અસાધાર બહાદૂરી કે શોર્ય ના કાર્યને માટે મહાવીર ચક્ર આપવામાં આવે છે. આ બીજા ક્રમનો એવોર્ડ છે.

*(૩)* ***વીર ચક્ર :-*** આ ત્રીજા ક્રમ નો એવોર્ડ છે. આ એવોર્ડ ભૂમિ, દરિયા કે આકાશમાં શત્રુ સામે કરાયેલ પરાક્રમ કે શોર્યને માટે આપવામાં આવે છે.

*(૪)* ***ઉત્તમ યુધ્ધ સેવા પદક :-*** ૧૯૮૮ થી આ એવોર્ડ શરૂ થયો છે.

*(૫)* ***યુધ્ધ સેવા પદક :-*** આ પણ ૧૯૮૮ થી શરૂ થયો છે.

*(૬)* ***અશોક ચક્ર :-*** આ એવોર્ડ ત્રણ વર્ગમાં આપવામાં આવે છે.

વર્ગ - ૧ :- હવે અશોક ચક્ર તરીકે ઓળખાય છે.

વર્ગ - ૨ :- હવે કીર્તિચક્ર તરીકે ઓળખાય છે.

વર્ગ - ૩ :- એ શોર્ય ચક્ર તરીકે ઓળખાય છે.

આ ત્રણેય પદક - દુશ્મનો સામેની બહાદૂરી સિવાયનાં અન્ય પ્રકારના બહાદૂરીનાં કાર્યો માટે આપવામાં આવે છે. આ બહાદૂરી સામાન્ય નાગરિક તેમજ સૈન્ય દળનાં જવાન દ્વારા પણ હોઈ શકે છે.

*(૭)* ***પરમ વિશીષ્ઠ સેવા મેડલ :-*** અતિ ઉચ્ચકોટિ નાં અસાધારણ સેવા કાર્ય માટે આ સેવા મેડલ આપવામાં આવે છે. ત્રણેય દળોનાં કર્મચારી ઓ આને માટે એક સરખી પાત્રતા ધરાવે છે.

*(૮)* ***અતિ વિશીષ્ઠ સેવા મેડલ :-*** આ મેડલ આપવાદરૂપ વિશીષ્ઠ સેવા કાર્ય માટે આપવામાં આવે છે.

*(૯)* ***વિશીષ્ઠ સેવા મેડલ :-*** ઉચ્ચ ક્રમની વિશીષ્ટ સેવા માટે આપવામાં આવે છે.

*(૧૦)* ***જીવન રક્ષા પદક :-*** આગથી કે ડૂબતાં બચાવવાનાં કે જીવન બચાવવાનાં ઉત્તમ કાર્ય માટે આ પદક આપવામાં આવે છે.